પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૭ | ૨૭ જુલાઈ, ૨૦૨૨, બુધવાર; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બોટાદના લઠ્ઠાકાંડમાં ૩૬ના જીવ હોમાયા

**રાજ્યને લઠ્ઠાકાંડે હચમચાવી દીધું : બોટાદ ખાતેના આઠ ગામમાં લઠ્ઠાકાંડમાં ૩૬નાં મોત, ૫૦થી વધુ સારવાર હેઠળ :ઝેરી દારુકાંડમાં મોટા ભાગના આરોપીઓને રાઉન્ડ અપ કરી લેવામાં આવ્યાનો પોલીસનો દાવો, કેમિકલ સપ્લાય કરનાર સહિતના આરોપીને ઝડપી લેવાયા**







## ચાર મહિના પહેલા રોજીદ ગ્રામ પંચાયતે દારૂબંધીને લઈને કરી હતી અરજી

અમદાવાદ,તા.૨૬

ગુજરાતામાં વધુ એક વખત લઠ્ઠાકાંડનું ભૂત ધુણ્યું છે. ધંધુકા અને બરવાળામાં કથિત રીતે દેસી દારૂ પી ને આવેલા કેટલાક લોકો અચાનક બીમાર પડતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતાં. ત્યાં જ સારવાર પહેલા જ ૭ લોકોના મોત નિપજ્યા છે અને મોતનો આંકડો વધવાની શક્યતાઓ સેવાઈ રહી છે. બીજી તરફ બોટાદના રોજિદમાં કથિત લઠ્ઠાકાંડ થતા રોજીદના ૧૦થી વધુ લોકોની તબિયત લથડી છે. અન્ય લોકો સારવાર હેઠળ છે અને મોતનો આંકડો હજુ વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ત્યારે આ કથિત દારૂકાંડ મામલે જૈંની રચના કરી દેવામાં આવી છે. આ મામલે પ્રાંત અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા રોજિંદ ગામની મુલાકાત લેવાઈ રહી છે. બોટાદના રોજિદમાં કથિત લઠ્ઠા કાંડ થયો છે. રોજીદના ૧૦થી વધુ લોકોની તબિયત લથડી છે. આ દરમિયાન સારવાર દરમિયાન ૯ વ્યક્તિના મોતની પોલીસે પુષ્ટિ કરી છે. ત્યાં જ અન્ય લોકો સારવાર હેઠળ છે અને મોતનો આંકડો હજુ વધે તેવી શક્યતા છે.

અમદાવાદ, તા.૨૬

બોટાદ જિલ્લામાં ઝેરી દારુકાંડમાં અત્યારસુધીમાં ૩૬ લોકોનાં મોત થયા છે. આ ઝેરી દારુકાંડ ૮ ગામના ૩૨ લોકોને ભરખી ગયો છે. હજુ પણ ૫૧ અસરગ્રસ્તો ભાવનગર અને અમદાવાદની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ૯ મૃત્યુ થયા છે. જ્યારે બોટાદમાં ૨૨ મૃત્યુ થયા છે. આ સિવાય અન્ય બે લોકોનાં મોતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આટલી મોટી સંખ્યામાં એક સાથે ૩૬ લોકોનાં મોત થયા બાદ ગામોમાં ઠેર ઠેર પરિવારના સભ્યોનું આંક્રદ જોવા મળી રહ્યું છે. સાથે જ ગામ પણ સ્મશાનભૂમિમાં ફેરવાયા હતા. મૃતકોની અંતિમક્રિયામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જે બાદ કરુણ દ્રશ્યો સામે આવ્યા હતા. અંતિમક્રિયા દરમિયાન મહિલાઓ અને બાળકોના આક્રંદથી ગામના સીમાડાઓ પણ દ્રવી ઉઠ્યા હતા. બીજી તરફ, પોલીસે એવો દાવો કર્યો છે કે આ ઝેરી દારુકાંડમાં મોટા ભાગના આરોપીઓને રાઉન્ડ અપ કરી લેવામાં આવ્યા છે. પોલીસે આ મામલે આરોપીઓની પૂછપરછ હાથ ધરી છે.

બોટાદ જિલ્લાના રોજિંદ, પોલારપુર, ભીમનાથ, ચદરવા, રાણપુર, દેવગના, રણપુરી, કોરડા ગામના ૩૨ લોકોને લઠ્ઠાકાંડનો કાળ ગળી ગયો છે. સમગ્ર ગુજરાતને હચમાવી દેનારી આ ઘટનામાં પોલીસે મુખ્ય આરોપી જયેશની ધરપકડ કરી છે. આરોપી જયેશ પીપળજના એક ગોડાઉનમાં સુપરવાઈઝર હોવાથી તેણે ધીરે ધીરે મિથાઈલ કેમિકલની ચોરી કરી હતી. આરોપી જયેશે ૬૦ હજાર આપીને આ કેમિકલની ચોરી કરી હતી. એમ આરોપી જયેશે ૬૦૦ લીટર કેમિકલ દારુ બનાવનારા લોકોને સપ્લાય કર્યુ હતું. ત્યારે આ ઝેરી દારુકાંડમાં એટીએસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ પણ જોતરાઈ છે.

પોલીસનો દાવો છે કે, છેલ્લાં ચોવીસ કલાકમાં મોટાભાગના આરોપીઓને રાઉન્ડઅપ કરી લેવામાં આવ્યા છે અને તેઓની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. મહત્વનું છે કે, ઝેરી દારુકાંડમાં અત્યારસુધીમાં ૩૨ લોકોનાં મોત થયા છે. એવી પણ શક્યતાઓ સેવવામાં આવી રહી છે કે હજુ પણ આ મૃત્યુઆંક વધી શકે છે. બીજી તરફ, ૫૧ અસરગ્રસ્તો ભાવનગર અને અમદાવાદની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. એક સાથે પાંચ પાંચ મૃતદેહોની ટ્રેક્ટરમાં અંતિમયાત્રા નીકળી હતી. આ સમયે બાળકો અને મહિલાના આક્રંદથી ગામના સીમાડાઓ પણ દ્રવી ઉઠ્યા હતા. જે જે ગામોમાં લોકોનાં મોત થયા છે એ ગામ સ્મશાનભૂમિમાં ફેરવાયેલા જોવા મળ્યા હતા. આસપાસના તમામ વિસ્તારોમાં આ મોતની ઘટના બાદ માતમ છવાયેલો જોવા મળી રહ્યો છે.

જ્યારે મૃતકોની અંતિમયાત્રા નીકળી ત્યારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. મૃતકોની અંતિમક્રિયામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા.

## કેમિકલ સપ્લાય કરનારા અમદાવાદના શખ્સની ધરપકડ

**રાજુએ બરવાળાના બુટલેગર સંજયને ૧૫ હજારમાં કેમિકલ આપ્યું હતું, તપાસ ગુજરાત એટીએસને સોંપાઈ**

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ-બોટાદ જિલ્લાની બોર્ડર પર ઝેરી દારુ પીવાથી ૩૬થી વધુના મોત થઈ ગયા છે, બરવાળા ઝેરી દારુકાંડની તપાસમાં વધુ એક મોટો ખુલાસો થયો છે. દારુને વધુ નશાવાળો બનાવવા માટે તેમાં જે કેમિકલ ઉમેરવામાં આવતું હતું તે અમદાવાદની એક કંપનીમાં બનાવાતું હોવાનું ખુલી રહ્યું છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં કેટલાક મોટા ખુલાસા કરવામાં આવ્યા છે. મહત્વનું છે કે આ કેસની તપાસ એટીએસની અધ્યક્ષતામાં સિટ દ્વારા કરવામાં આવી રહી છે. તપાસનો ધમધમાટ શરુ થતા હવે ટીમ અમદાવાદમાં પહોંચી છે કે જ્યાંથી દારુમાં ઉમેરવા માટે કેમિકલ લાવવામાં આવતું હતું. આ કેસમાં તપાસ દરમિયાન રાજુ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે રાજુ નામનો શખ્સ બરવાળાના સંજય નામના વ્યક્તિને કેમિકલ પહોંચાડતો હતો.

# નિરજ ઈજાને લીધે કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ નહીં લઈ શકે

**નીરજ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ઈજાગ્રસ્ત થયો હતો**

નવી મુંબઈ, તા.૨૬

નીરજ ચોપરાએ આજે વિશ્વ ફલક પર ભારતનું નામ રોશન કર્યું છે. ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં જ્વેલિન થ્રોમાં શાનદાર પ્રદર્શન કરતા સિલ્વર મેડલ મેળવ્યો હતો. જોકે હવે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સમાં તેઓ ભાગ નહિ લઈ શકે.

અહેવાલ અનુસાર નીરજ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની ફાઈનલ દરમિયાન ઈજાગ્રસ્ત થયા હતા. આ ઈજાને કારણે કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ શકશે કે કેમ તેવી અટકળો પહેલાથી જ ચાલી રહી હતી. જોકે નીરજને આશા હતી કે તે કોમનવેલ્થ ગેમ્સ પૂર્વે સાજા થઈ જશે અને ભાગ લઈ શકશે પરંતુ ઈજાના કારણે તેને કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર થવું પડ્યું છે.

વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ૮૮.૧૩ મીટર ફેંકતી વખતે નીરજને જાંઘમાં ઈજા થઈ હતી. આ ઈજા બાદ આજે ભારતીય ઓલિમ્પિક એસોસિએશને સ્વીકાર્યું છે કે નીરજ કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર છે, પરંતુ નીરજના પરિવારના સભ્યોએ હજુ સુધી આ અંગે પુષ્ટિ કરી નથી.

## બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમાર કોરોના પોઝિટિવ

પટના, તા.૨૬

બિહારમાં કોરોનાવાયરસનું સંક્રમણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. બિહારમાંથી ફરી એકવાર મોટા સમાચાર આવી રહ્યા છે કે, મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. આરોગ્ય વિભાગે પણ પુષ્ટિ કરી છે કે, સીએમનીતિશ કુમાર કોરોના પોઝિટિવ થયા છે. હાલમાં ડોક્ટરોએ સીએમનીતિશ કુમારને આરામ કરવાની સલાહ આપી છે.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પ્રત્યય અમૃતે જણાવ્યું હતું કે, છેલ્લા બે દિવસથી મુખ્યમંત્રી નીતિશ કુમારની તબિયત સારી નહોતી. .

# દેશમાં કારગિલ વિજય દિવસ ઉજવાયો

**યુદ્ધમાં રહીશોની પણ પાક.ને પાઠ ભણાવવામાં મહત્વની ભૂમિકા હતી : જમ્મુ કાશ્મીરની દ્રાસ ખીણથી આઠ કિલોમીટર દૂર ટાઈગર હિલ પાસે વસેલી મશકુ ઘાટીમાં રહેતા ચાર મોહમ્મદ ખાને જ ભારતીય સેનાને પાકિસ્તાનની નાપાક હરકત વિશે પહેલી ખબર આપી હતી**

નવી દિલ્હી,તા.૨૬

દેશ આજે કારગિલ વિજય દિવસ ઉજવી રહ્યો છે. ૨૩ વર્ષ પહેલા આજના દિવસે ભારતે પાકિસ્તાનની સેનાને જડબાતોડ જવાબ આપીને સજ્જડ હારનો સામનો કરાવ્યો હતો. દર વર્ષે ૨૬ જુલાઈનો દિવસ કારગિલ વિજય દિવસ તરીકે ઉજવાય છે. કારગિલ યુદ્ધને ૨૩ વર્ષ વીતી ગયા છે. પરંતુ શું તમને ખબર છે કે ભારતીય સેનાની સાથે જમ્મુ-કાશ્મીરની દ્રાસ ખીણના લોકોએ પણ યુદ્ધમાં મહત્વની ભૂમિકા ભજવી હતી



અને પાકિસ્તાનને પાઠ ભણાવવામાં મદદ કરી હતી. આ એ જ લોકો હતા જેમને આપણે નાગરિક સૈન્ય કહીએ તો પણ કઈ ખોટું નહીં હોય. આજે અમે કારગિલ વિજય દિવસના અવસરે એવા જ બે નાગરિકોની વાત કરીશું જેમણે ભારતીય સેનાને સાથ આપીને આ યુદ્ધ જીતાડવામાં મદદ કરી હતી. તેમણે ભલે હથિયાર નહતા ઉપાડ્યા પણ યુદ્ધમાં તેમની ભૂમિકા કોઈ જવાનથી જરાય ઓછી નહતી.

● અનુસંધાન પાન-૭ પર

# મોંઘવારી-જીએસટી વધારાના મુદ્દે વિપક્ષોએ કરેલો હંગામો

**રાજ્યસભાના ૧૯ સાંસદ સસ્પેન્ડ : અધ્યક્ષના નિર્ણય સામે વિરોધ પ્રદર્શન કર્યુ જેમાં ડાબેરી પક્ષો, એનસીપી, ડીએમકે અને કોંગ્રેસનાનેતાઓ જોડાયા**

નવી દિલ્હી, તા.૨૬

સંસદનું ચોમાસુ સત્ર મંગળવારે સાતમા દિવસે પ્રવેશ્યું છે પરંતુ વિપક્ષના હોબાળા વચ્ચે કાર્યવાહી વ્યવસ્થિત નથી ચાલી રહ્યું. રોજિંદા વસ્તુઓના ભાવમાં વધારો અને જીએસટી વધારાના મુદ્દા પર તાત્કાલિક ચર્ચાની વિપક્ષની માંગને લઈને બંને ગૃહોમાં હોવાળો થતા મંગળવારે સવારે સંસદની કાર્યવાહી ફરી બંધ કરવાની ફરજ પડી હતી.

જોકે બપોરના સમયે લોકસભા અને રાજ્યસભામાં કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સભ્યોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. રાજ્યસભાના મમતા બેનર્જીની પાર્ટીના સાંસદો સહિતના વધુ ૧૯ સાંસદોને આજે ઉપલા ગૃહમાં ભારે હોબાળો કરતા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રિપોર્ટ અનુસાર રાજ્યસભાના ૧૯ સાંસદોને સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ગૃહમાં પ્રવેશવા અને સૂત્રોચ્ચાર કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સુષ્મિતા દેવ, ડૉ. શાંતનુ સેન અને ડોલા સેન સહિત ૧૯ સાંસદોને અઠવાડિયાના બાકીના દિવસો માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સસ્પેન્ડ કરાયેલા સાંસદોમાં સુષ્મિતા દેબ, ડૉ. શાંતનુ સેન અને ડોલા સેન, મૌસમ નૂર, શાંતા

● અનુસંધાન પાન-૭ પર




# કૌભાંડમાં ટીએમસીના વધુ એક નેતાના ઈડીનું સમન્સ

**પ. બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડમાં તપાસનો ધમધમાટ**

કલકત્તા, તા.૨૬

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડમાં તપાસ વધી રહી છે. મમતા બેનર્જી સરકારના મંત્રી પાર્થ ચેટર્જીની તપાસ બાદ હવે ઈડીએ ટીએમસીના નેતા માણિક ભટ્ટાચાર્યને સમન્સ મોકલ્યુ છે. ઈડીએ આ કાર્યવાહી પહેલા માણિક ભટ્ટાચાર્યેના ઘરે દરોડા પાડ્યા હતા.

અગાઉ ઈડીએ શિક્ષક ભરતી કૌભાંડમાં મંત્રી પાર્થ ચેટર્જીની ૨૬ કલાકની પૂછપરછ બાદ ધરપકડ કરી લીધી હતી. આ સાથે જ તેમના નજીકના ગણાતા અર્પિતા મુખર્જીને પણ ઈડીએ અટકાયત કર્યા બાદ ધરપકડ કરી હતી. ઈડીએ અર્પિતા મુખર્જીના ઘરેથી ૨૧ કરોડ રૂપિયા રોકડા અને લાખો રૂપિયાના દાગીના જપ્ત કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર




## શિક્ષકો જોઈએ છે

શ્રી રાંધેજા કેળવણી મંડળ સંચાલિત ઈંગ્લિશ સ્કૂલ (નોન ગ્રાન્ટેડ) ગુજરાતી માધ્યમ ધોરણ-૧ થી ૫ માટે શિક્ષક જોઈએ છે. પી.ટી.સી. / બી.એડ લાયકાત અને રસ ધરાવતા ઉમેદવારોએ અરજી પ્રસિદ્ધ થવાના દિન-૭ (સાત) માં નીચે આપેલ સરનામે પ્રમાણપત્રોની નકલ સાથે સ્વહસ્તાક્ષરે અરજી કરવી.

● અરજી કરવાનું સરનામું ●

શ્રી રાંધેજા કેળવણી મંડળ, ઈંગ્લિશ સ્કૂલ, (નોન ગ્રાન્ટેડ) ગુજરાતી માધ્યમ, માર્કેટ યાર્ડ સામે, રાંધેજા, તા.જી.ગાંધીનગર. પિન કોડ નં.૩૮૨૬૨૦.

પ્રમુખશ્રી : રાંધેજા કેળવણી મંડળ, રાંધેજા, તા.જી.ગાંધીનગર.

## મોલેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ

સી-૭-૮, જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર - ૩૮૨૦૪૪
ફોન : ૦૭૯-૬૬૭૩૭૭૯૧/૯૨

મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના અંતર્ગત મોલેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ ગાંધીનગર દ્વારા

● ૧૨ ફીટર

જગ્યાઓ માટે એપ્રેન્ટીસશીપ એક્ટ-૧૯૬૧ હેઠળ રાખવાના થાય છે. આથી જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં ઉક્ત સરનામે કોરા કાગળ પર પોતાની અરજી કરી શકશો. અથવા ઈ-મેઈલ rahul.singh@molex.com પર પણ અરજી મોકલી શકશે.